પત્રિકા ૧૮૮

# ચિરાગે હિદાયત

૦૭/૧૨/૧૮ ૨૮ ર.અવ્વલ

## અસ્હાબે મૌલા અલી(અ.સ.)

આમ તો અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબિતાલીબ(અ.સ.)ના બાવફા સાથીઓની સંખ્યા ઘણી બધી છે. તેમાથી અમુક સહાબીઓ નામ અહીં બયાન કરીએ છીએ અને તેમાંથી બે સહાબીનો થોડોક ઝિક્ર પણ અહીં બયાન કરીએ છીએ.

૧) માલિકે અશ્તર, ૨) અમ્મારે યાસીર, ૩) મીસમે તમ્માર, ૪) કુમૈલ ઈબ્ને ઝિયાદ, ૫) રૂશૈદે હજરી, ૬) કમ્બર.

### * માલિકે અસ્તર :

માલિકે અસ્તર હઝરત અલી(અ.સ.)ના બાવફા અને મશહૂર ફિદાકારોમાંથી છે. જેમનો સંબંધ 'કબીલાએ મજહઝ'ના 'તાહેફાએ નખ્સ' (જગ્યાનું નામ)થી હતો. આપે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અ.સ.)ના હાથે ઈસ્લામ કબૂલ કર્યો અને ત્યારપછી મૌલાએ કાએનાતના હકીકી ચાહકોમાંથી થઈ ગયા.

માલિકે અસ્તર બહાદુરીમાં બેમિસાલ હતા. ઈલ્મ, ફઝલ અને બુઝુર્ગીમાં તે ઝમાનામાં તેમના જેવી બીજી કોઈ મિસાલ ન હતી અને આપ(અ.સ.)એ જ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના જલીલુલ કદ્ર સહાબી જનાબે અબુઝરે ગફ્ફારીના કફન અને દફનની વ્યવસ્થા કરી હતી. ત્રીજી ખિલાફતના ઝમાનામાં યમનના બીજા મુજાહિદોની જેમ

કુફામાં ઝિંદગી ગુજારતા હતા. બહેતરીન ખતીબ અને કુફાવાસીઓમાં બુલંદ મરતબાવાળા તેમજ સલાહકાર હતા.

જંગે જમલમાં માલિકે અસ્તર અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબિતાલીબ(અ.સ.)ના લશ્કરની જમણી બાજુના કમાન્ડર હતા. હઝરત અલી(અ.સ.)એ જંગે જમલ પૂરી થયા પછી કુફાને પોતાની ખિલાફતનું કેન્દ્ર બનાવી લીધું અને પોતાના કમાન્ડરો અને ગવર્નરોને નિયુક્ત કર્યા તો જનાબે માલિકે અસ્તરને ‘દજલહ’, ‘ફુરાત’ અને તેની આજુબાજુના વિસ્તારના ગવર્નર નિયુક્ત કર્યા.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અ.સ.)એ હિ.સ.૩૭માં જંગે સિફ્ફીન માટે જનાબે માલિકે અસ્તરને પોતાની પાસે બોલાવી લીધા. જેમાં મૌલાએ કાએનાતના આ શેરોના હુમલાના કારણે તેઓ ડરી ગયા અને દુશ્મનોએ કુરઆનને નેઝા ઉપર બુલંદ કરી દીધા અને અમાનની ભીખ માંગવા લાગ્યા. મૌલાએ કાએનાત ઘણી જગ્યાએ જનાબે માલિકે અસ્તરના વખાણ કર્યા અને ફરમાવ્યું કે ‘‘માલિકે અસ્તર જ્યાં સખ્તાઈની જરૂરત હતી ત્યાં સખ્તી કરતા હતા અને જ્યાં નરમાશની જરૂરત હતી ત્યાં નરમીથી પેશ આવતા હતા.’’

ઈબ્ને અબી હદીદ કહે છે કે ‘‘માલિક એક બહાદુર જંગ કરનારા અને શિયાઓની તે અહમ શખ્સીયતોમાંથી હતા જેઓએ અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ની નુસરતમાં

પોતાના જીગરનું ખૂન વહાવ્યું.''

જનાબે માલિકે અસ્તરની વફાત પછી હઝરત અલી(અ.સ.)એ ફરમાવ્યું ''અય મારા માઅબૂદ! માલિકે અસ્તર ઉપર રહેમત નાઝિલ ફરમાવ. તેઓ મારી માટે એવા હતા કે જેવો હું પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.) માટે હતો.'' અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ને જનાબે માલિકે અસ્તરના બારામાં સવાલ કરવામાં આવ્યો તો આપ(અ.સ.)એ ફરમાવ્યું ''હું તેવા શખ્સના બારામાં શું કહું કે જેની હયાતે શામવાળાઓને શિકસ્ત આપી અને મૌતે ઈરાકવાળાઓને ખોખલા કરી દીધા.''

*** રૂશૈદે હજરી :**

યાકુતે હમવીએ કહ્યું છે કે 'હજર' બહરૈનના એક શહેરમાં આવેલું છે. બહરૈનની ચારે બાજુને 'બહર' કહેવામાં આવે છે. જ્યારે કે સુસ્તરી કહે છે કે 'રૂશૈદ' યમનના 'હજર' નામના વિસ્તારથી સંબંધ ધરાવે છે.

રૂશૈદે હજરી અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના તે અસ્હાબે બાવફામાંથી હતા કે જેમને છૂપું ઈલ્મ આપી દેવામાં આવ્યું હતું અને તેમના શહીદ થવાના હાલાત પણ બયાન કરી દેવામાં આવ્યા હતા.

અબુ હય્યાને બજલી બયાન કરે છે કે રૂશૈદે હજરીની બેટી 'કન્વા'ને મેં પૂછ્યું કે ''તું પોતાના બાબાની શહાદતના બારામાં જે કાંઈ જાણે છે તે મને બતાવ.'' તો કન્વાએ કહ્યું કે મેં મારા બાબાથી સાંભળ્યું છે કે જનાબે અમીર

હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અ.સ.)એ મને ફરમાવ્યું કે "અય રૂશૈદ! તે સમયે કેવી રીતે સબ્ર કરીશ કે જ્યારે બની ઉમય્યાનો હરામઝાદો કે જેને બની ઉમય્યાએ પોતાનામાંથી કહ્યો છે તે તમને બોલાવીને તમારા હાથ-પગ અને જીભ કાપી નાખશે." તો મેં અરજ કરી "અય અમીરૂલ મોઅમેનીન! શું તે પછી બેહિશ્ત છે?" તો આપ(અ.સ.)એ ફરમાવ્યું "અય રૂશૈદ! તમે દુનિયા અને આખેરત બંનેમાં મારી સાથે છો."

જેવી રીતે હઝરત અલી(અ.સ.)એ રૂશૈદને પહેલેથી જાણ કરી હતી તેવી જ રીતે ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદે જનાબે રૂશૈદને બોલાવીને પહેલા હાથ અને પગ કાપ્યા. પણ જ્યારે રૂશૈદની જુબાન મદ્હે મૌલાથી ન રોકાઈ અને તેઓ સતત મૌલા અલી(અ.સ.)નો કસીદો પઢતા રહ્યા તેમજ ઝાલિમની બૂરાઈ કરતા રહ્યા. તો છેલ્લે જુબાન કાપવાનો હુકમ દીધો. જનાબે રૂશૈદ જુબાન કપાઈ ગયા બાદ તે જ રાત્રે શહાદત પામ્યા.

પરવરદિગારે આલમ પાસે દુઆ છે કે અમને એહલેબૈતે અત્હાર(અ.મુ.સ.)ના વફાદાર સાથીઓમાં શુમાર ફરમાવે તેમજ ઈમામે વક્તની માઅરેફત અતા કરે અને તેમના બાવફા નાસિર અને મદદગારોમાં શામિલ થવાની તૌફિક ઈનાયત ફરમાવે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com